RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ સાથે અન્ય હોદેદારો દ્વારા રાજયના માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીની રૂબરૂ મુલાકાત લઈને વેપારઉદ્યોગકારો સાથે થઈ રહેલ છેતરપીંડીના નિરાકરણ માટે ફરીવાર ઓપન હાઉસ યોજવા રજુઆત કરવામાં આવેલ...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખશ્રી પાર્થભાઈ ગણાત્રા, માનદ મંત્રીશ્રી નૌતમભાઈ બારસીયા, ટ્રેઝરરશ્રી વિનોદભાઈ કાછડીયા તથા વ્યવસ્થાપક સમિતિ સભ્યશ્રી રાજેશભાઈ જુંજાએ રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીની રૂબરૂ મુલાકાત લીધેલ. આ મુલાકાત દરમ્યાન રાજકોટ ચેમ્બર દ્વારા રાજયની કાયદો–વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવા તેમજ વેપાર–ઉદ્યોગકારો તથા પ્રજાની સલામતી અને સુખાકારીના કાર્યો માટે રાજકોટ ચેમ્બર હર હંમેશ સહયોગ આપી રહયું છે અને આપતું રહેશે.

વધુમાં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના નેજા હેઠળ અગાઉ સરકીટ હાઉસ–રાજકોટ ખાતે સને ૨૦૨૨ ના રોજ વેપાર–ઉદ્યોગકારો સાથે થયેલ છેતરપીંડી અને ફસાયેલ નાંણા પરત મળી શકે તે માટે ગૃહમંત્રીશ્રીની અધ્યક્ષતામાં ઓપન હાઉસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગૃહ મંત્રીશ્રીએ તમામ વેપાર–ઉદ્યોગકારોને રજુઆત કરવાની તક આપી હતી અને તે ઓપન હાઉસ ખુબ જ સફળ બની રહયું હતું. તેમજ રાજકોટ શહેર અને જીલ્લાના પોલીસ અધિકારીશ્રીઓએ પણ ખુબ જ સરાહનીય કામગીરી કરેલ હતી. જેનાથી મહદઅંશે વેપાર–ઉદ્યોગકારોના ફસાયેલ નાંણા પરત મળી ગયેલ હતા.

સરકારશ્રી દ્વારા વેપાર-ઉદ્યોગોને ખુબ જ પ્રોત્સાહન આપી રહયું છે અને તેઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ લાવવા માટે હંમેશા પુરતો સહયોગ મળી રહયો છે. ત્યારે હજુ પણ ઘણા વેપાર–ઉદ્યોગકારોને તેમની સાથે થઈ રહેલી છેતરપીંડીની ફરિયાદો મળી રહી છે. તેથી આવી રજુઆતોનું યોગ્ય નિરાકરણ લાવવાના શુભ આશય સાથે ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવીજીની અધ્યક્ષતામાં રાજકોટ ખાતે અલગથી એક ફરીવાર ઓપન હાઉસનું આયોજન કરવા રજુઆત કરવામાં આવેલ હતી. જે અંગે ગૃહમંત્રીશ્રીએ જણાવેલ કે આપ કેહશો ત્યારે હું આવીશ અને રાજકોટ ચેમ્બરની સાથે મળી વેપાર–ઉદ્યોગકારોના પ્રશ્નોનું નિરાકરણ લાવીશું. તેમ રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવની અખબારી યાદીમાં જણાવેલ છે.